# ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી

**(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)**

બ્લોક નં.૧૧-૧૨, ત્રીજો માળ, ઉદ્યોગભવન, ઘ-૪, સેકટર-૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૭
ટેલિ.નં.૦૭૯-૨૩૨૪૧૦૧૮, ફેક્સ નં.૦૭૯-૨૩૨૪૧૦૧૯,
ઇમેલ:જીપીસીપીએસઆઇ.આરડીએ૧૧@જીમેલ.કોમ, વેબસાઇટ: www.gujaratpcpir.org

---

## સુચનાઓ :

**ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, વડી કચેરી, ગાંધીનગરની વર્ગ– ૩ની ક્લાર્ક કમ ડ્રાઈવરની સીધી ભરતી અગેની જાહેરાત ક્રમાંક : ૧/૨૦૧૬**

ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીમાં વર્ગ– ૩ ના સવર્ગ માટે ઉમેદવારો પાસેથી નિયત નમૂનામા અરજીઓ મંગાવવામાં આવે છે. **આ માટે ઉમદવારે તા. ૨૦-૦૨-૨૦૧૬ સુધી www.gujaratpcpir.org વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ અરજી પત્રક ડાઉનલોડ કરી અરજી કરવાની રહેશે.** ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, અનુભવ અને વયના પ્રમાણપત્રોની વિગતો અરજીપત્રકમાં ભરવાની રહેશે. **ઉમેદવારે ડીમાન્ડ ડ્રાફ્ટ અરજી સાથે રજી. પો. એ. ડી. દ્વારા જ મોકલવાનો રહેશે.**

**(૧) ક્લાર્ક કમ ડ્રાઈવર વર્ગ–૩ ના સંવર્ગના પગાર ધોરણ, વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત નીચે મુજબ છે.**

(i) Must have attained the age of 21 and not completed 40 years.

- Provided that the upper age limit may be relaxed in favor of a candidate who is working or has work experience with Government of Gujarat / Government of Gujarat established undertakings in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 as amended from time to time.

(ii) Should have passed the Secondary School Certificate examination of Gujarat secondary school certificate examination board or any of the equivalent examination or have a higher qualification of a recognized University.

(iii) Should hold a permanent commercial vehicle driving license.

(iv) Should possess minimum experience of 5 years in driving.

(v) The basic knowledge of computer application as prescribed in Gujarat Civil Service classification and Recruitment (General) Rules, 1967.

| અ.ન. | સંવર્ગ | તા.૨૦–૧૦–૨૦૧૪ ના ઠરાવ મુજબ નિયત થયેલ ફીકસ પગાર |
|---|---|---|
| ૧ | ક્લાર્ક કમ ડ્રાઇવર | રૂ. ૭૮૦૦/- |

**<u>(૨) પગાર ધોરણ (વર્ગ–૩ માટે) :</u>**

નાણા વિભાગના તા.૧૬–૦૨–૨૦૦૬ અને તા.૨૯–૦૪–૨૦૧૦ ના ઠરાવ નબર : ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ ની જોગવાઈઓને આધિન તેમજ તા.૨૦–૧૦–૨૦૧૪ ના ઠરાવ ક્રમાકઃ ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ–૨/ઝ.૧ તથા તા.૨૦–૧૦–૨૦૧૫ ના ઠરાવ ક્રમાકઃ ખરચ/૨૦૦૨/૫૭ પાર્ટ–૨ /ઝ.૧ થી નકકી થયા મુજબ પાચ વર્ષ માટે નીચે મુજબના વર્ગ–૩ ના સંવર્ગ માટે પ્રતિમાસ ફીકસ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થુ મળીને કુલ ઉચ્ચક પગારથી નિમણુક અપાશે, વધુમા વાર્ષિક વધારો રૂ.૧૫૦૦/– નો રહેશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે. ત્યારબાદ પાચ વર્ષની સેવાઓ સતોષકારક રીતે પુરી થયેથી વર્ગ–૩ ના જે તે સવર્ગમા બીડાણ–૩ મુજબના પગાર ધોરણમા નિયમિત નિમણુક મેળવવાપાત્ર થશે. તેમ છતા આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટમા દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધિન રહેશે.

**પાંચ વર્ષ બાદ સેવાઓ સંતોષકારક જણાયેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઉમેદવારને ક્લાર્ક કમ ડ્રાઈવર વર્ગ–૩ ના સવર્ગના પગાર ધોરણ રૂ.૫૨૦૦-૨૦૨૦૦ + ગ્રેડ પે રૂ.૧૯૦૦ માં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.**

**<u>(૩) કોમ્પ્યુટરની જાણકારી :</u>**

ઉમદવાર રાજય સરકારના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંક :સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અગેનુ કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. તથા સરકાર માન્ય યુનિર્વસીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમા કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરતુ નિમણુક મેળવતા પહેલા આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનુ રહેશે. અન્યથા નિમણુક મેળવવાને પાત્ર ઠરશે નહિ. જો ઉમેદવાર નિમણુક સમયે CCC / CCC+ પરીક્ષા પાસ કર્યા અગેનુ પ્રમાણપત્ર ધરાવતા ન હોય તો અજમાયશી સમય દરમ્યાન પરીક્ષા પાસ કરવાની રહેશે.

**<u>(૪) વય મર્યાદા :</u>**

અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની વય **૪૦ વર્ષ**થી વધુ હોવી જોઈશે નહિ. વયમર્યાદામા નીચે મુજબ છૂટછાટ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મળશે.

મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારો તથા તમામ મહિલા તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામા નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામા આવશે.

| | |
|---|---|
| • સામાન્ય મહિલા ઉમેદવારને | ૫ વર્ષ |
| • અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| • અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| • જીપીસીપીએસઆઇઆરડીએના પાત્રતા ધરાવતા કર્મચારીઓ માટે | ૫ વર્ષ |

તમામ કેટેગરીના ઉમેદવારોની તથા જીપીસીપીએસઆઇઆરડીએના પાત્રતા કર્મચારીઓ માટે ઉમર, ઉપલી વયમર્યાદામા છૂટછાટ સાથે કોઈપણ સજોગોમા નિયત તારીખે **૪૫ વર્ષ**થી વધવી જોઈશે નહિ.

**<u>(૫) પસદગી પ્રક્રિયા :</u>**

**(૧) અગાઉ ઉપર જણાયેલ લાયકાતો તથા મૌખિક ઇન્ટવર્યુ આધારે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉમેદવાર પસંદ કરવામાં આવશે.**

**(૨) અનુભવની લાયકાત માટે સરકારશ્રી / સરકારશ્રી સ્થાપિત ઉપક્રમોમાં કરવામાં આવેલ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવશે.**

**પસંદગી પ્રક્રિયાના માર્કસને આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.**

**<u>(૬) અરજી ફી :</u>**

(૧) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી **રૂ. ૨૦૦**/– તથા અનુ.જાતિ, અનુ.જન.જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી **રૂ. ૧૦૦**/– ભરવાની રહેશે.

(૨) ડીમાન્ડ ડ્રાફ્ટ વગર અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી. તેમજ ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહી.

**<u>(૭) સામાન્ય સુચનાઓ :</u>**

(૧) રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઈએ.

(૨) ગુજરાતી, હિન્દી અને અગ્રેજી ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) સદરહુ ભરતી સબધિત તમામ સુચનાઓ / વિગતો વખતો વખત સત્તામંડળની website: www.gujarat**pcpir**.org પરથી જોવા મળી શકશે.

(૪) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે બિડાણ કરવાની રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ્દ કરવામા આવશે.

(૫) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫.૨.૧૯૮૦ ના ઠરાવ ક્રમાકઃ સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારા મુજબ રમતો–ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતર રાષ્ટ્રીય અથવા આતર યુનિવર્સીટી અથવા અખિલ ભારતીય શાળા સઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમા માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ખેલાડી–ઉમેદવારોને પસદગીમા અગ્રતા માટે તેઓએ મેળવેલ કુલ ગુણના ૦૫(પાચ) ટકા_ઉમેરી આપવામા આવશે. આ માટે વખતો વખત થયેલ ઠરાવોમા નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમુનામા મેળવેલ જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હકકદાર થશે.

(૬) આ સવર્ગની ભરતી પ્રક્રિયામા આખરી પસદગી પામેલ ઉમેદવારની નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે.

(૭) ઉમેદવાર પોતે આખરી પસદગી યાદીમા સમાવિષ્ટ થવા માત્રથી સબધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતા નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂક બાબતે નિમણૂક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૮) આ ભરતી પ્રક્રિયા સપૂર્ણપણે જે તે સવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૯) અનુભવ મેળવેલ હોય તે નોકરીદાતા ધ્વારા ઈસ્યુ થયેલ પ્રમાણપત્રમા હોદ્દો, મળતો માસિક અને વાર્ષિક પગાર, અનુભવનો સમયગાળો (કયારથી કયા સુધી) નોકરી કર્યાનુ સ્થળ દર્શાવેલ હોવો જોઈશે. પગાર માટે પગાર સ્લીપ, છેલ્લા પગારનુ પ્રમાણપત્ર, બેક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વિગેરે પ્રુફ તરીકે રજુ કરવાના રહેશે. વળી અનુભવ જગ્યાને અનુરૂપ છે કે કેમ તે અગે પસદગી સમિતિનો

નિર્ણય આખરી ગણાશે. નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદનો જ અનુભવ ધ્યાને લેવામા આવશે. પાર્ટટાઈમ કે આશિક અનુભવ માન્ય રહેશે નહી.

(૧૦) આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ્દ કરવાની કે તેમા ફેરફાર કરવાની કે જગ્યાઓની સખ્યામા વધ–ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સપૂર્ણ હકક / અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બધાયેલ રહેશે નહી. તેમજ તેવા સજોગોમા ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૧૧) અરજી પત્રક ભરતા પહેલા વેબસાઈટ ઉપર મુકવામા આવેલ ઉમેદવાર માટેની સુચનાઓ અને અરજી પત્રક ભરવા બાબતની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનતિ છે અને ત્યારબાદ જ અરજી પત્રક ભરવુ.

(૧૨) રજી.પો. એ. ડી. મારફતે મોકલાવેલ અરજી જ માન્ય ગણાશે. તેમજ ફી પરત મળશે નહી. આ કચેરી ધ્વારા માગણી થયેથી અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂમા રજુ કરવાના રહેશે.

(૧૩) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામા આવશે.

આ જાહેરાતમા દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, વયમર્યાદામા છુટછાટ, અરજી ફી અને અરજી અને પસદગીની પધ્ધતિની વિગતો અને જાહેરાતની અન્ય તમામ વિગતો www.gujaratpcpir.org ઉપર જોવા મળશે. ઉમેદવારેઅરજી પત્રકમા બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણુક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લયાકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમા જે તે તબકકે નિમણૂક અધિકારી ધ્વારા ખોટા માલુમ પડશે તો તેનો સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણૂક સત્તાધિકારી / સમિતિના પરામર્શમા રદ્દ કરવામા આવશે તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામા આવશે.

તેમજ આવા ઉમેદવારની જો પસદગી/નિમણૂક થયેલ હશે તો સબધિત કચેરી ધ્વારા પસદગી સમિતિના પરામર્શમા કોઈ પણ તબકકે રદ્દ કરવામા આવશે. આ સવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સપૂર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ વખતો વખત સુધાર્યા મુજબ અને તે અન્વયે આ સવર્ગના ઘડવામા આવેલ ભરતી/પરીક્ષા નિયમોને આધિન રહેશે.

આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસધાને આ જાહેરાતમાં અને સુચનાઓમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો પસંદગી સમિતિને સપૂર્ણ હકક/અધિકાર રહેશે. અને પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

ઉમેદવારને અરજી કર્યા બાદ જાહેરાત સબંધી અન્ય કોઈ સુચના માટે Website : www.gujarat**pcpir**.org સતત જોતા રહેવા અનુરોધ છે.

સ્થળ : ગાધીનગર
તારીખ : ૨૨/૦૧/૨૦૧૬

સહી/-
**મેમ્બર સેક્રેટરી**
જીપીસીપીએસઆઇઆરડીએ, ગાંધીનગર